RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 213 * Date: 24.05.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# હાર્વર્ડમાં તમામ વિદેશી વિદ્યાર્થીઓના પ્રવેશ પર રોક, યુનિવર્સિટીએ ૭૨ કલાકમાં માનવી પડશે ૬ શરતો



અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવતા હજારો વિદ્યાર્થીઓના સપનાઓ પર પાણી ફેરવાયું છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે હાર્વર્ડ યુનિવર્સિટીમાં ચાલી રહેલા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ પ્રોગ્રામ બંધ કરવાનો નિર્ણય લીધો છે. જેથી હવે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી શકશે નહીં. ટ્રમ્પ સરકારની શરતો પર ચાલવાનો ઈનકાર હાર્વર્ડ યુનિવર્સિટીને ભારે પડી રહ્યો છે. અગાઉ તેનું ફંડિંગ બંધ કર્યા બાદ હવે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ પ્રોગ્રામ બંધ કરી દીધો છે. જો કે, ટ્રમ્પ સરકારે યુનિવર્સિટી સમક્ષ અમુક શરતો મૂકી છે. જો યુનિવર્સિટી આ શરતો ૭૨ કલાકની અંદર સ્વીકારી લે, તો ત્યાં અભ્યાસ કરતાં લગભગ ૬૮૦૦ જેટલા વિદ્યાર્થીઓને રાહત મળી શકે છે. ૧. હાર્વર્ડ યુનિવર્સિટીના એવા વિદેશી વિદ્યાર્થીઓનો ઈલેક્ટ્રોનિક, ઓડિયો-વીડિયો રેકોર્ડ કે, જે છેલ્લા પાંચ વર્ષમાં કોઈ વિદેશી વિદ્યાર્થી-વિદ્યાર્થિની દ્વારા પરિસરમાં કે પરિસરની બહાર સત્તાવાર કે ઔપચારિક રૂપે ગેરકાયદે ગતિવિધિઓ સાથે સંકળાયેલા હોય.

૨. છેલ્લા પાંચ વર્ષમાં યુનિવર્સિટીની અંદર કે બહાર કોઈ વિદેશી વિદ્યાર્થી દ્વારા હાથ ધરવામાં આવેલી હિંસક કે જોખમી ગતિવિધિઓનો રેકોર્ડ રજૂ કરવો.૩. છેલ્લા પાંચ વર્ષમાં વિદેશી વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટીના પ્રાંગણમાં કે બહાર અન્ય વિદ્યાર્થીઓ કે યુનિવર્સિટીના કર્મચારીઓને આપવામાં આવેલી ધમકીના ઉપલબ્ધ તમામ રેકોર્ડ રજૂ કરો.

૪. હાર્વર્ડ યુનિવર્સિટીના વિદેશી વિદ્યાર્થીઓ દ્વારા પરિસરમાં કે બહાર અન્ય કોઈની પણ સાથે થયેલી મારામારી કે ઝઘડા સંબંધિત તમામ રેકોર્ડ.

## મહેસાણાના વિજાપુર નજીક નિર્માણ કાર્ય દરમિયાન દીવાલ ધસી પડતાં ૬ મજૂરો દટાયા, ૩ના મોત

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સુંદરપુરા ગામે મોટી દુર્ઘટના સર્જાઇ છે. જેમાં મકાનના બાંધકામ દરમિયાન દીવાલ ધસી પડતાં ૬ શ્રમિકો દટાયા હતા. આ દુર્ઘટનામાં ૩ શ્રમિકોના મોત નીપજ્યા છે, જ્યારે ૩ શ્રમિકોને ઈજા પહોંચી છે. હાલ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. દીવાલ ધસી પડવાની ઘટનાની જાણ થતાં



ગ્રામજનોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ૧૦૮ની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુંદરપુરા ગામમાં મહાદેવવાળા વાસ વિસ્તારમાં મકાનના પાયા ખોદવાની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન બાજુના મકાનની દીવાલ ધરાશાયી થતાં ૬ શ્રમિકો દટાયા હતા. આ દુર્ઘટનામાં ૩ મજૂરોના મોત નીપજ્યા છે, જ્યારે ૩ મજૂરો ઈજાગ્રસ્ત થયા છે. તમામ મજૂરોને બહાર કાઢી લેવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોને વિજાપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

## સોમનાથ મંદિરે દર્શન કરવા જતાં ભક્તો માટે ગુડ ન્યૂઝ, અમદાવાદથી શરૂ થશે વંદે ભારત ટ્રેન, જાણો સમય અને રૂટ

આગામી તા.૨૬મીએ સાબરમતી-વેરાવળ-સાબરમતી વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવશે. આ ટ્રેન સવારે ૫:૨૫ વાગ્યે સાબરમતી સ્ટેશનથી ઉપડી બપોરે ૧૨:૨૫ વાગ્યે વેરાવળ પહોંચશે. ગુરૂવાર સિવાયના તમામ વારે આ ટ્રેન દોડશે. આથી અમદાવાદથી સોમનાથ દર્શનાર્થે આવતા ભાવિકો સહિતના લોકોને સુવિધા મળી રહેશે.રાજકોટથી વેરાવળ વચ્ચે ઈલેક્ટ્રીફિકેશન થઈ ગયા બાદ વધુ ટ્રેન ઉપલબ્ધ થઈ ન






હતી. લાંબા અંતરની ટ્રેન આપવા અને વંદે ભારત ટ્રેન શરૂ કરવા માંગણી કરવામાં આવી હતી. ૨૦૨૨માં વેરાવળ સાબરમતી વચ્ચે વંદે ભારત ટ્રેન શરૂ કરવા રેલવે બોર્ડમાં દરખાસ્ત થઈ હતી.

આખરે રેલવે બોર્ડ દ્વારા સાબરમતી-વેરાવળ-સાબરમતી વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનને મંજૂરી આપી છે. આગામી તા.૨૬મીએ આ ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવશે. સાબરમતી સ્ટેશનથી આ ટ્રેન સવારે ૫:૨૫ વાગ્યે ઉપડી બપોરે ૧૨:૨૫ વાગ્યે વેરાવળ પહોચશે અને બપોરે ૨:૪૦ વાગ્યે વેરાવળથી ઉપડી રાત્રીના ૯:૩૫ વાગ્યે સાબરમતી પહોચશે. આમ, ૪૩૮ કિલોમીટરનું અંતર કાપતા આ ટ્રેનને સાતેક કલાક જેટલો સમય લાગશે.

## વડોદરામાં ચોમાસામાં પૂરનો ભય યથાવત્: વિશ્વામિત્રી ઊંડી કરવાની કામગીરી હજુ અધૂરી: ધારાસભ્ય



વડોદરા શહેરમાં ગત ચોમાસા દરમિયાન વિશ્વામિત્રી નદીમાં આવેલા વિનાશક પૂર બાદ નદીને ઊંડી અને પહોળી કરવાનું કામ શરૂ થયું છે. પરંતુ, આગામી ચોમાસા અગાઉ આ કામગીરી પૂરી થવાની શક્યતા જણાતી નથી. આથી આ ચોમાસામાં પણ શહેરમાં પૂર આવવાની કે પછી ભારે વરસાદમાં શહેરીજનો હેરાન થવાની શક્યતા છે. ખુદ અકોટાના ધારાસભ્યએ આ વાતની કબૂલાત કરી છે કે વિશ્વામિત્રી નદીને ઊંડી અને પહોળી કરવાની કામગીરી પૂર્ણ થઈ નથી, તેથી આગામી ચોમાસાના સમયમાં શહેરમાં પૂર નહીં જ આવે એવું કહેવું વધારે પડતું છે.ઉલ્લેખનીય છે કે અકોટાના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈએ એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, 'શહેરમાં ગયા ચોમાસા દરમિયાન વિશ્વામિત્રી નદીમાં ભારે પૂર આવ્યું હતું. ત્યારબાદ વિશ્વામિત્રી નદીને ઊંડી અને પહોળી કરવાનું રૂપિયા ૧૨૦૦ કરોડના ખર્ચે ભગીરથ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. ૧૦૦ દિવસમાં આ કાર્ય પૂરું કરવાનો ટાર્ગેટ છે. પરંતુ, હજુ સુધી પોણા ભાગની પણ કામગીરી પૂર્ણ ન થઈ હોવાનું કહેવાય છે. નદીને ઊંડી અને પહોળી કરવાની કાર્યવાહી હાલમાં પૂરજોશમાં ચાલી રહી છે, છતાં પણ આગામી ચોમાસા દરમિયાન વિશ્વામિત્રી નદીમાં પૂર આવવાની શક્યતા નકારી શકાતી નથી.

## વડોદરામાં કોર્પોરેશનની જમીન પર દબાણ બદલ યુસુફ પઠાણ પાસેથી ૧૭ કરોડ વસૂલવા પડે

વડોદરામાં વાઘોડિયા રોડ પર કલાદર્શન પાસે વોર્ડ નં.૩, ટીપી સ્કીમ નં.૩, ફાઇનલ પ્લોટ નં.૩૮૧ની સરકારી જમીન પર બનેલા ૨૫ વર્ષ જૂના પશુપતિનાથ મહાદેવ મંદિરને લેન્ડ ગ્રેબિંગની નોટિસ તંત્ર દ્વારા અપાઇ છે, પરંતુ ક્રિકેટર અને તૃણમૂલ સાંસદ યુસુફ પઠાણે કોર્પોરેશનની જમીન પર દબાણ કર્યું હોવા છતાં લેન્ડ ગ્રેબિંગની નોટિસ અપાઇ નથી.

વડોદરામાં તાંદળજા વિસ્તારમાં ટીપી-૨૨ના ફાઇનલ પ્લોટ નં.૯૦ની કોર્પોરેશનની માલિકીની ૧૦,૫૦૦ ચોરસ ફૂટ જમીન પર દબાણ કર્યું છે અને આ માટે ૬ મહિના અગાઉ ફરિયાદ કરી હોવા છતાં યુસુફ સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ દાખલ નહી કરતા વિશ્વામિત્રી બચાવો સમિતિએ મ્યુનિ.કમિશનરને ફરી લેખિત રજૂઆત કરી છે.







હાલ તાંદળજામાં ચાલતા જમીનના ભાવ ગણતા યુસુફે જે જમીન દબાવી છે, તેની કિંમત ૮૪ કરોડ થાય છે.

સમિતિના કહેવા મુજબ અગાઉ ભાજપના જ પૂર્વ કોર્પોરેટરે યુસુફના ગેરકાયદે દબાણને તોડવા લેખિત ફરિયાદ કરી હતી અને હાલના એક કોર્પોરેટર તો કલેકટર કચેરીએ યુસુફ સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ દાખલ કરવા પહોંચી ગયા હતા.યુસુફે ૧૨ વર્ષથી લેન્ડ ગ્રેબિંગ કર્યુંછે, તેવો આક્ષેપ કરતા સમિતિ જણાવે છે કે તેમણે ૧૮ જૂન ૨૦૨૪ના રોજ હાઇકોર્ટમાં આ મુદ્દે દાવો દાખલ કર્યો છે. હાઇકોર્ટે આ જ સુધી વડોદરા કોર્પોરેશનને દબાણ દૂર કરવા મુદ્દે સ્ટે આપેલો નથી, એટલે કે કોર્પોરેશન દબાણ તોડી શકે તેમ છે. જો કે આ મુદ્દે કોર્પોરેશનના વર્તુળો કહે છે કે આખો મામલો સબજ્યુડિસ હોવાથી આ મામલે હાલ કોઇ નિર્ણય લેવામાં આવ્યો નથી.

કોર્પોરેશને તેની માલિકીના પ્લોટ માટે જે ભાડું નક્કી કર્યું છે તે ચોરસ મીટરે પ્રતિદિન રૂા.૪૦ છે. યુસુફે પાલિકાના પ્લોટ પર જે દબાણ કર્યું છે, તે અંદાજે ૯૭૫ ચોરસ મીટર છે. એટલે કે પ્રતિદિન ભાડુ ૩૯૦૦૦ રૂપિયા થાય. ૧૨ વર્ષથી યુસુફે દબાણ કર્યું છે. ૧૨ વર્ષના ૪૩૮૦ દિવસ ગણતા અંદાજે ૧૭ કરોડ લેવાના થાય. કોર્પોરેશનની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ૧૦૦ કરોડ જેવી રકમ માટે બોન્ડ બહાર પાડવા પડે છે. બીજી બાજુ યુસુફ સામે દંડનીય કાર્યવાહી કરી ૧૭ કરોડ વસૂલાતા નથી, તેવી રજૂઆત પણ સમિતિએ કમિશનરને કરી છે. જો યુસુફ પાસેથી ભાડું અને દંડનીય વ્યાજ નહી લેવાય તો મહાદેવ મંદિરને લેન્ડ ગ્રેબિંગ નોટિસ અને યુસુફ પર કૃપાદ્રષ્ટિ મુદ્દે જનજાગૃતિ કાર્યક્રમ યોજવાની ચીમકી સમિતિએ આપી છે.

## 'જ્વેલ થીફ'ની અભિનેત્રી નિકિતા દત્તાને કોરોના, માતા પણ સંક્રમિત, સોશિયલ મીડિયા પર આપી માહિતી



ફરી એકવાર, ભારતમાં કોરોના વાઈરસના કેસ વધી રહ્યા છે. દરરોજ ઘણાં લોકો આ વાઈરસથી પ્રભાવિત થઈ રહ્યા છે, જેની અસર હવે બોલિવૂડમાં પણ જોવા મળી રહી છે. તાજેતરમાં શિલ્પા શિરોડકર કોરોના પોઝિટિવ હોવાના સમાચાર આવ્યા હતા. એવામાં હવે નિકિતા દત્તા પણ કોરોના પોઝિટિવ આવી છે. હાલમાં, નિકિતા અને તેના મમ્મી ઘરે ક્વોરેન્ટાઇન છે. અભિનેત્રીએ સ્વસ્થ ન થાય ત્યાં સુધી તેના આગામી પ્રોજેક્ટ્સ મુલતવી રાખ્યા છે.નિકિતાએ પોતે આ માહિતી તેના સોશિયલ મીડિયા દ્વારા તેના ફેન્સ સાથે શેર કરી હતી. નિકિતાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી છે જેમાં તેણે જણાવ્યું છે કે, 'હું અને મારા મમ્મી કોરોનાથી સંક્રમિત થયા છે.' તેણે મજાકમાં લખ્યું, 'કોવિડ મને અને મારી મમ્મીને હેલો કહેવા આવ્યો છે. આશા છે કે આ બિનઆમંત્રિત મહેમાન લાંબા સમય સુધી નહીં રહે. થોડા દિવસના ક્વોરેન્ટાઇન પછી આપણે ફરી મળીશું અને બધાને સુરક્ષિત રહો.'

મે મહિનામાં મુંબઈમાં અત્યાર સુધીમાં ૯૫ નવા કોવિડ-૧૯ કેસ નોંધાયા છે, જ્યારે જાન્યુઆરીથી મહારાષ્ટ્રમાં ૧૦૬ કેસ નોંધાયા છે. ઈન્ફ્લ્યુએન્ઝા જેવા લક્ષણો અથવા શ્વસન બિમારી ધરાવતા બધા દર્દીઓનું હવે ર્ઙ્ગૈંડ્ઢ-૧૯ માટે પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ભારતમાં, મોટાભાગના નવા કોરોના ચેપમાં, દર્દીની સ્થિતિ ખૂબ ગંભીર બની નથી.

તંત્રી લેખ...

# બિટકોઈન ૧,૧૧,૦૦૦ ડોલરની વિક્રમી ટોચે

મુંબઈ : સંસ્થાકીય રોકાણકારોની સતત લેવાલીને પગલે ક્રિપ્ટો કરન્સીસ માર્કેટમાં સતત રેલી જોવા મળી રહી છે. મુખ્ય ક્રિપ્ટો બિટકોઈને છેલ્લા ચોવીસ કલાકમાં ૧૧૧૮૭૮ ડોલર સાથે નવી ટોચ બતાવી હતી. બિટકોઈનની પાછળ અન્ય ક્રિપ્ટોસમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં બિટકોઈને ૧,૦૯,૧૧૪ ડોલરની ઓલ ટાઈમ હાઈ સપાટી બતાવી હતી.

સંસ્થાકીય રોકાણકારો અને રિટેલ ટ્રેડરો ઉપરાંત લિસ્ટેડ કંપનીઓ બિટકોઈનને ટ્રેઝરી એસેટ તરીકે ગણી રહ્યા છે અને મૂડી બજારમાંથી નાણાં ઊભા કરી બિટકોઈનમાં રોકાણ કરી રહ્યા છે.

બિટકોઈનનો હાલનો ઉછાળો મોટા સંસ્થાકીય રોકાણકારોને આભારે જોવા મળી રહ્યો હોવાનું એક એનાલિસ્ટે જણાવ્યું હતું. આ ઉપરાંત સ્પોટ બિટકોઈન ઈટીએફસમાં પણ ઈન્ફલોસ ચાલુ રહેતા બિટકોઈનમાં ફન્ડોની પણ ખરીદી નીકળી રહી છે. મંગળવારે સ્પોટ બિટકોઈન ઈટીએફસમાં ૪.૧૭ કરોડ ડોલરનો ઈન્ફલોસ જોવા મળ્યો હતો. બજારના વર્તુળોના મત પ્રમાણે ક્રિપ્ટોકરન્સીસ માર્કેટ હાલમાં કન્સોલિડેશન તબક્કામાં છે.

જેપી મોર્ગન ચેઝે પણ પોતાના કલાયન્ટસને બિટકોઈન મેળવી આપવાની ઓફર આપવાનું શરૂ કર્યું હોવાના અહેવાલો છે. અમેરિકાની મોટી બેન્ક તરીતે જેપીની આ કથિત ઓફર બિટકોઈનની કાયદેસરતાને મજબૂત બનાવી શકે છે. બોન્ડ યીલ્ડમાં વધારો, ભૌગોલિકરાજકીય તાણ અને અમેરિકાના ક્રેડિટ રેટિંગમાં ઘટાડો છતાં બિટકોઈને સારી સ્થિતિસ્થાપકતા દર્શાવી છે.બિટકોઈનની પાછળ અન્ય ક્રિપ્ટોસ એથરમ, એકસઆરપી, બીએનબી, સોલાનામાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. બિટકોઈન છેલ્લા ચોવીસ કલાકમાં નીચામાં ૧૦૬૩૪૩ ડોલર થઈ મોડી સાંજે ૧૧૦૮૯૩ ડોલરની સપાટીએ વેપાર થતો હતો. આ ઉપરાંકત એથરમે પણ ૨૬૦૦ ડોલરની સપાટી કુદાવી હતી. ક્રિપ્ટોકરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ પણ વધી ૩.૫૦ ટ્રિલિયન ડોલર પહોંચી ગઈ હતી.

અમેરિકાની સેનેટે સ્ટેબલકોઈન માર્કેટ પર નિયમન માટેની જોગવાઈ ધરાવતા ખરડાને આગળ વધાર્યો છે. આ ખરડો મંજુર થવાના કિસ્સામાં ક્રિપ્ટો માટેના નિયમનમાં જરૂરી સ્પષ્ટતા આવી જશે જે ક્રિપ્ટો માર્કેટ માટે સાનુકૂળ સ્થિતિ ગણાશે.

# હોદો સંભાળ્યાના બારમા દિવસે રાધારાણીએ શું કર્યું?

‘ સાહેબ, રાધારાણી બોલું છું.’ રાધારાણીએ પ્રદેશ પ્રમુખ ડબડબરાયને ફોન કર્યો. ડબડબરાયનું સાચું નામ તો ડોલરરાય હતું પરંતુ, દરેક બાબતમાં ડબડબ કરવાની આદતને લીધે લોકો તેમને ડોલરરાયને બદલે ડબડબરાય કહેતા હતા.

‘ બોલો બેન ,મને કેમ યાદ કર્યો.’ ડબડબરાયે ચોકલેટ ખાતા હોય તેવા લિસ્સા અવાજે પૂછયું.

‘ સાહેબ, થોડી મજા આવતી નથી.’ રાધારાણીએ ફરિયાદના ટોનમાં કહ્યું . સામા છેડે ડબડબરાયની બેચેની વધી ગઈ. ડબડબરાયને રાધારાણી પર ક્રશ હતો.પોલિટિકલ પાર્ટીમાં તો આવું સામાન્ય ગણાય.

‘ કેમ શું થયું?’ ડબડબરાયે ચિંતામાં પૂછયુ.

‘ થોડો લોચો લાગે છે.’ રાધારાણીએ કહ્યું.

‘ કેમ,.ઓલો ખચ્ચર વિતાડે છે? કાંઈ વાંધો નહીં. ચિંતા કરવાની નહી. આપણે તમારો ધણી બદલી નાંખીશું.’ ડબડબરાયે ધણી બદલો ફોર્મ્યુલા રજૂ કરી .

‘ના પ્રમુખ સાહેબ, હજુ તો ધણીને ધાકમાં ને વાંકમાં રાખી શકું છું. ધણીને કણકની જેમ ટીપી ટીપીને માંડ અનુકૂળ બનાવ્યો છે. હવે નવા ધણીને કેળવવા અને ચિકવવાની મજા નો આવે ‘ રાધારાણીએ ધણીછૂટી વાત કહી.

‘ તો તો ઠીક છે. બાકી ધણી બદલવાનો હોય તો મારા સહિત ઘણા બધા લાઈનમાં ઉભા છે.’ આમ કહી ડબડબરાયે કોરા હોઠ પર ભીની જીભ ફેરવી લીધી.

‘ સાહેબ એ હું જાણું થું ને કે તમને મારા પપ’ બાકીનું વાક્ય રાધારાણીએ અધ્યાહાર રાખ્યું.

‘ તમે કાંઈ લોચાલાપશીની વાત કરતા હતાપ’ ડબડબરાય મૂળ મુદા પર આવ્યા.

‘ સાહેબ મુંવું ટાંટિયા તોડીને નગરપાલિકાના પ્રમુખ થયા. મને એમ કે મોટો લોચો મળશેપ.’ રાધારાણીએ વાત શરૂ કરી.

‘ રાધારાણી, રાજકારણમાં કશું એમ ને એમ મફતમાં મળતું નથી. તમે તમમનધનનું બલિદાન આપ્યું છે, એનાથી હું કયાં અજાણ છું.?’ ડબડબરાયે ડબકું મેલ્યું.

‘ સાહેબ , થોડા દિવસ તો બોવ સારું લાગ્યું . સંસ્થા, લોકો તરફથી સન્માન કરે શાલ ઓઢાડે,હારતોરા કરે,સ્મૃતિભેટ આપે . એટલે સારું લાગે. પ્રમુખની ખુરશીમાં બેઠી તો રાજા ભોજના સિંહાસને બેઠી હોય તેવું લાગ્યું. પ્રમુખ તરીકે રહેવા મોટો બંગલો મળ્યો. ફરવા માટે લકઝુરિયસ ગાડી મળી. નોકરચાકર મળ્યા. સાહેબ ખોટું નહીં બોલું પણ સ્વર્ગ અને મારી વચ્ચે ચાર વેંત નહીં પણ બે વેઢાનું અંતર હોય તેવું લાગ્યું. જો કે એ બધુ તો સવારમાં પડેલી ઝાંકળને સૂરજનો તાપ અડે અને ઝાંકળ ઉડી જાય તેવું થયું છે.’ રાધારાણીએ પ્રમુખપદના કાંટાળા તાજની વિતક કથા કહેવાનું શરૂં કર્યું.

‘ બેન હોદો મળ્યો તો હોદાને લાયક બનવા ઓગણીસ એકયાંશી કરવું પડે. હોદો મેળવવા જેટલા ખોખા ગુમાવ્યા છે તેના કરતાં અનેકગણા કમાવા તો પડશે કે નહીં?’ ડબડબરાયે હિંમત બંધાવી.

‘મને એમ હતું કે ભાણિયા-ભત્રીજાને નગરપાલિકામાં નોકરી અપાવીને તેની લાઈફ બનાવી દઈશું . આ બધું તો બધે જ ચાલે છે.’ રાધારાણી બોલ્યા.

‘હઅમ્ તમારી વાત સો ટચના સોના જેવી પ્રેકટિકલ છે.’ ડબડબરાયે હા મા હા મિલાવી . આને જ મિલે સૂર મેરા તુમ્હારા કહેવાય.

‘પ્રમુખ સાહેબ એ બધું સાચું . તમારા ભાઈ એ મથામણો કરે છે. માખણમલાઈવાળી ફાઈલો પર પહેલા મારા કાંડા કપાવે છે.મને તો બહુ બીક લાગે છે કે મારા કાળામાં ધૂળ ન પડે. ધોળામાં ધૂળ પડે તો વાંધો ન આવે. કાળામાં ધૂળ પડે તો સૌને ખબર પડે.’રાધારાણીએ ભીતિ દર્શાવી.

‘ એવું બહુ મનમાં નહીં લેવાનું. રાજકારણમાં આળી ચામડીના નહી્ ગેંડા જેવી જાડી ચામડીના થવું જ પડે.’ ડબડબરાયે ફીલોસોફી ઝાડી.

‘ સાહેબ મૂવી પબ્લિક લોહી પી ગઈ છે.સ્ટ્રીટ લાઈટ ન હોય તો મને ફોન કરે. નળમાં પાણી ન આવે તો મારુ પાણી હરામ કરી નાંખે. ગટર ઉભરાય તો જાણે મેં ગટર સાફ કરવાનો ચૂંટણી સંકલ્પપત્રમાં સંકલ્પ કર્યો હોય તેમ લોહી પી જાય છે. લોકના ઘરે પાણી ન આવે તો મારી ચેમ્બરમાં બેનો માટલી ફોડે છે. કોઈને કમિશનર પાસે જવું જ નથી. હોંય ગાંજી જાવ તેવી નથી. મેં પણ અજીતદાદા પવાર જેમ લોકને કહેવાનું શરૂ કર્યુ છે કે હું તમારી નોકર નથી. નાની બાબતમાં શું મારે ત્યા દોડ્યા આવો છો?’ રાધારાણીએ પ્રજા પીડા કહી દીધી.

‘ તમે લોકોને ઉલ્લુ બનાવવાનું શીખી લો. તમારે માટે નગરપાલિકા પ્રમુખ થયા પછી એમએલએ, મંત્રી,મુખ્યમંત્રી બનવાની શકયતા હું ખુલ્લી આંખે જોવ છું. મનની નિરાશા સિગારેટની રાખની જેમ ખંખેરી નાંખો.’ ડબડબરાયે સોનેરી સવાબ આપી.

‘ સાહેબ તમારી બધી વાત સાચી.એક મુશ્કેલી હોય તો લડી લેવાય. અહીં તો ધાડેધાડા છે. પાર્ટીના તાલુકા, જિલ્લા, રાજ્ય,કેન્દ્રની જુદા જુદા યુનિટ ચંદા માટે મગરની જેમ મોં ફાડે છે..માનો કે દાંતા એક રાધારાણી ભિખારી સારી દુનિયા. કાઉન્સિલર પણ મારા ટાંટિયા ખેંચીને ખુરશી બંધાવવાની કોશિશ કરે છે.આમદાની અઠન્ની નહી ને ચવન્ની ને ખર્યા રૂપિયા કરોડ ભૈયા જેવો તાલ થાય છે. ગાંઠનું ગોપીચંદન કરવા રાજકારણ થોડું જોઈન કર્યું છે.અહીં તો દિલ કે અરમાન આંસુઓમાં બહ ગયે જેવી પરિસ્થિતિ છે.’ રાધાપાણીએ તકલીફોની લંગાર જણાવી.

‘ હઅમ્ ‘ ડબડબરાયે ડબકું મુકયું.

‘ સાહેબ લોકના કામ કરવા જઈએ તો અધિકારીઓ ગાંઠતા નથી. સાલા ઈયળ જેવા હોય છે. સોયના નાકામાંથી નીકળી જાય અને પછી દરવાજો પણ સાંકડો પડે.. જરાક પાણી નાંખો નવી નિંશાળીયણ ( નવા નિશાળિયા કયાં લગી ચલાવવાના? ચેઈન્જ જરૂરી હૈ!) જાણીને ઠરાવ, નિયમ , બાયલોઝ,, પ્રિસડેન્ટ, પરિપત્ર, મેમોરેન્ડમવા નામો લઈ કામ સરાડે ચડવા જ દેતા નથી. વહીવટની આંટીઘૂંટીમાં તો મારી ટર્મ જ પૂરી થઈ જાય કે નહીં?’ રાધારાણીએ વધુ કારણ રજૂ કર્યું.

‘ બેન, બધા સાથે શરૂઆતમાં આવું જ થાય. તમને પ્રમુખ થયે જુમ્મે જુમ્મે ચાર દિન થયા છો. બ્યુરોક્રેસી તો આપણને ભાંગડા કરાવે .’ ડબડબરાયે કહ્યું.


‘ સાહેબ, મારે માટે તો ચકલી નાની નહીં પરંતું, કીડી નાનીને ફૈડકો મોટો જેવું થયું.માનો કે નાના માથાને મોટી પાઘડી પહેરાવી દીધી. મારું સુખચેન નીંદ હેરાન થઈ ગઈ. પ્રમુખનો તાજ કાંટાળો હશે તેની ખબર હોત તો પ્રમુખ બનવા કરતા ભદ્ર ભીખ માંગવાનું પસંદ કરત.’ રાઘારાણીએ બધી ભડાશ નિકાળી.

ડબડબરાય રાધારાણીને પોલિટિકલ આંટીઘૂંટી સમજાવતા રહ્યા. રાધારાણીએ ભાંજગડમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ ગોતી કાઢ્યો .

રાધારાણીએ મનને આહ્વાન આપ્યું કેપ. રાધારાણીને કહો કે કાઢે કાગળ , હવે તો રાજીનામું એ જ કલ્યાણ! રાધારાણીએ સો મર્જની એક દવા કરી. જો કે જોગાનજોગ રાધારાણી પ્રમુખ ખયાને એ બારમા દિવસ હતો ને રાધારાણીની પોલિટિકલ કેરિયરનું પણ જીવતેજીવ બારમું થઈ ગયું.

ભરત વૈષ્ણવ

# હૈદરાબાદની આગ તેમજ અન્ય રાજયોની પ્રાકૃતિક આપદામાં માર્યા ગયેલાઓને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય



થોડા દિવસ પહેલાં હૈદરાબાદ ખાતે ચારમિનાર વિસ્તારમાં એક મકાનમાં ભિષણ આગ લાગી હતી અને પ્રાપ્ત માહિતી અનુસાર એ દુઃખદ ઘટના સ્થળે ૧૭ લોકોનાં મોત નિપજયા હતા જેમાં મહદઅંશે બાળકોનો સમાવેશ થાય છે. પૂજય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે ૨,૫૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. આ સેવા કથાના શ્રોતા દ્વારા પહોંચતી કરવામાં આવશે.

બીજી બાજુ દેશમાં ઋતુનું ચક્ર અનિયમિત બન્યું છે અને તેને કારણે દેશના વિવિધ રાજ્યોમાં વિજળી પડવાથી અને વાવાઝોડાની અસર થવાને કારણે અનેક લોકોનાં મોત થયા છે. બિહારમાં ૫ મોત થયા છે ત્યારે ઝારખંડમાં પણ ૫ મોત નિપજયા છે. બીજી તરફ ઓરિસ્સા રાજ્યમાં ૧૦ મોત નિપજયા છે. આ રાજયોમાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરી પૂજ્ય મોરારીબાપુએ રુપિયા બે લાખની સહાય પરેષિત કરી છે જે ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ દ્વારા રાજયોના મૂખ્ય મંત્રી ફંડમા પહોંચાડવામાં આવશે. એ ઉપરાંત કોડીનાર પંથકમાં બે બાળકોનાં તળાવમાં ડૂબી જતાં મોત નિપજયા હતા તેમના પરિવારજનોને પણ રુપિયા ૩૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. પૂજય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે.

# બનાસકાંઠા જિલ્લા ગુજરાતી મોચી સમાજ કેળવણી મંડળ,પાલનપુર ની ૨૫મી વાર્ષિક સાધારણ સભા તથા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો




બનાસકાંઠા જિલ્લા ગુજરાતી મોચી સમાજ કેળવણી મંડળ,પાલનપુર ની ૨૫મી વાર્ષિક સાધારણ સભા તથા ઈનામ વિતરણ સમારંભ તારીખ ૧૮-૦૫-૨૦૨૫ ના રોજ કેળવણી મંડળ હોલ, ખોડા લીમડા, પાલનપુર ખાતે આયોજિત થયેલ. દીપ પ્રાગટ્ય કરી ત્યારબાદ પ્રાર્થના કરી સભાનો શુભારંભ કરવામા આવેલ. ત્યારબાદ સાધારણ સભા શ્રી મહેશભાઈ પી. પરમાર ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. મંત્રીશ્રી વિનોદ કુમાર પરમારે ગત સાધારણ સભાનું પ્રોસેડીગ વંચાણ કરેલ તથા વર્ષ ૨૦૨૩-૨૪ ના હિસાબો ખજાનચી શ્રી રમેશભાઈ ચૌહાણે રજૂ કરેલ. અધ્યક્ષ શ્રી મહેશભાઈ પી. પરમારે વર્ષ ૨૦૨૫-૨૬ ના ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓના ઈનામના દાતાની જાહેરાત કરેલ. સભાસદોએ સમાજના બાળકો માટે નોટબુક ચોપડાના દાન પેટે ખૂબ સારો એવો ફાળો આપેલ છે. તથા ઉપપ્રમુખશ્રી મનોજભાઈ ચૌહાણે એ પોતાના અનુભવ અને જ્ઞાનના આધારે સભાસદોને પ્રેરણા આપવામાં આવી. મંડળના પ્રમુખ શ્રી છનાલાલ કે. પરમારે બાળકોના શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થાય અને સમાજના વિકાસ માટે સભાને સંબોધિત કરવામાં આવી હતી. કેળવણી મંડળમાં ધોરણ ૧ થી ૧૨ માં પ્રથમ ત્રણ ક્રમાંક વાળા તેજસ્વી તારલાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. કારોબારી સભ્યો તથા સમાજના દરેક ભાઈ બહેનોએ સુંદર સહકાર આપી આ મંડળના વિકાસમાં મોટો ફાળો આપેલ છે. સમગ્ર સભાનું સંચાલન શ્રી કીર્તિકુમાર એચ. પરમારે સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# કલોલના યુવકની અમેરિકામાં સ્ટોર પર હત્યા મામલોઃમૃતકના વતનમાં પરિવારજનો આઘાતમાં અને ગ્રામજનોમાં શોક પ્રસરાયો

કલોલ તાલુકાના મૂળ ડીંગુચાના રહેવાસી અને હાલ અમેરિકામાં રહેતા પરેશભાઈ સુમનભાઈ પટેલની અમેરિકાના એનસી સિટીમાં સ્ટોર પર નોકરી કરતા હતા. તેની લૂંટારાએ લૂંટના ઈરાદે ગોળી મારીને હત્યા નીપજાવી હતી. આ હત્યાથી ડીંગુચા ગામમાં શોકમય વાતાવરણ પ્રસરાયું છે. આજે દિવ્ય ભાસ્કર રિપોર્ટર તેના વતન ડીંગુચા ગામની મુલાકાતે ગયા હતા. તેમના પરિવારજનો આઘાત લાગ્યો છે, તેમજ ગામમાં લોકો આ ઘટનાને દુઃખની લાગણી અનુભવી રહ્યા છે.અમેરિકામાં ગુજરાતીની હત્યા, ઝઝ્ફઃકલોલના ડિંગુચા ગામના પરેશ પટેલને ગ્રાહકે ગોળી મારી, ૧૦ વર્ષથી સ્ટોરમાં નોકરી કરતો હતો





ત્યારે ગત દિવસે રાત્રિના ૧૦:૩૦ કલાકની આસપાસ સ્ટોર પર ગ્રાહક બનીને આવેલા લૂંટારાએ પહેલા વસ્તુ માગણી કરી હતી. આ પછી તેની પાસે નાણાં માગ કરી હતી. નાણાં ચૂકવણી કરી દેવા છતાં, પરેશભાઈ પર ફાયરિંગ કર્યું હતું. આથી પરેશભાઈ સ્ટોલમાં નીચે સંતાઈ ગયા હતા, અમેરિકી પોલીસને જાણ કરવા સ્ટોલમાં રહેલ બટન દબાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ શૂટરે તેમને શૂટ કરી દીધા હતા.કલોલના ડીંગુચા ગામમા રામજી મંદિર નજીક અને ગ્રામ પંચાયત સામે મૃતક રેશભાઈ સુમનભાઈ પટેલનું મકાન આવેલ છે. મૃતક પરેશભાઈ ૧૦ વર્ષ કરતા વધુ સમયથી તેમની પત્ની પુત્રી સાથે અમેરિકામાં રહેતા હતા. અમેરિકાના ટેનિસીમાં સ્ટોરમાં કર્મચારી તરીકે નોકરી કરતા હતા.

અમેરિકા પોલીસે શૂટર આરોપીની ધરપકડ કરી લીધી છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOG SS 321

વિષય ગપશપ
પ્રકાર. ગદ્ય
શીર્ષક. દ્રષ્ટિકોણ .. શબ્દ..૧૯૮

ગપશપ કરવી એ આજેનો ટ્રેન્ડ નહીં, પરંતુ આપણા પૂર્વજો પરથી મળેલી એક મીઠી પરંપરા છે. લોકો એકબીજાની સાથે બેઠા બેઠા વિચારોની આપલે કરતા, જીવનના અનુભવો વહેંચતા અને સમાજની ઘટનાઓ પર પોતાના અભિપ્રાય વ્યક્ત કરતા , આ બધું "ગપશપ"ના રૂપમાં જ ચાલતું આવ્યું છે. પરંતુ ગપશપ ફક્ત બોલવા માટે નથી હોતી, એના પાછળના આશય અને દ્રષ્ટિકોણ ખૂબ મહત્વનો હોય છે.

જો ગપશપ ફક્ત સમય પસાર માટે કે બીજાની નિંદા કરવા માટે કરવામાં આવે, તો એ ન તો આપને કંઈ નવી માહિતી આપે છે, ન તો વ્યક્તિત્વમાં વિકાસ લાવે છે. આવી ગપશપથી જીવનમાં ખાલીપણું અને કુરૂપતા સિવાય કશું જ હાંસલ થતું નથી.

પરંતુ જ્યારે ગપશપ વિચારપ્રેરક મુદ્દાઓ પર થાય છે ,જેવી કે સમાજમાં ચાલી રહેલી ઘટનાઓ, વ્યક્તિગત અનુભવોમાંથી મળેલી શીખ, પુસ્તકો, ફિલ્મો કે વિચારધારાઓ વિશે ચર્ચા , ત્યારે એ એક રુચિકર અને ઉપયોગી સંવાદ બની જાય છે.

એવી ગપશપમાંથી નવી દ્રષ્ટિ મળી શકે છે, વિચાર કરવાની નવી દિશા મળી શકે છે, અને ક્યારેક તો આત્મમંથન પણ થાય છે. સુંદર વાતચીત એ માણસને વધુ સમજદાર અને સહાનુભૂતિશીલ બનાવે છે.

અંતે તો વાત એટલી છે કે, ગપશપમાં વિષયની ગુણવત્તા અને દૃષ્ટિકોણની સ્પષ્ટતા હોય તો એ સાહિત્ય જેવી ઊંડાણ ધરાવતી બની શકે છે.

લેખિકા..સૂચિતા રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO - 191

વિષય : ગપસપ
શીર્ષક : ગપસપ કરીએ....
પ્રકાર - પદ્ય શબ્દો : ૧૧૯

ચાલ ને આ દુનિયાની આધિવ્યાધિ છોડી ગપસપ કરીએ,
દુ:ખના દરિયાને છોડી સુખના સાગરમાં છબછબ કરીએ.

અહમ અહંકાર ને અળગો કરીએ એકબીજા થી આપણે,
કોઈ કામ વગરની, ને કોઈ અર્થ વગર ની લપછપ કરીએ.

આપણે ક્યાં ચડવું છે કોર્ટે કે અદાલત ના આંટા દેવા છે,
ચાલ ને મહોબ્બત મહેકી ઊઠે મસ્ત એવી રકઝક કરીએ.

સમય નું ચોસલું વિસ્તર્યું છે અનંત અનંત કાળ સુધી જો,
ચાલ ને એમાંથી થોડી થોડી પળો કાપી ને ઘટઘટ કરીએ.

અંતર થી નથી અંતર કોઈ તો અળગા રહેવાનો અર્થ નથી,
ચાલ ને બે ઘડી મોજ મસ્તી ને બે ઘડી થોડી ખટપટ કરીએ.

જીંદગી કેટલી મળી છે નથી ખબર કોઈ ને હજુ પણ અહીં,
અચાનક આટોપાઈ જાય એ પહેલા મિત્ર મૌજ ઝટપટ કરીએ.

વિનોદ સોલંકી મિત્ર લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO. 187.

વિષય : ગપસપ.
શીર્ષેક: કરીએ મિજબાની.
પ્રકાર :પદ્ય શબ્દો ૭૧

ચાલો મિત્રો આજે થોડી ભેગા મળીને ગપસપ કરીએ.
ફાફડા, જલેબી, ખમણ, ઢોકળા, પાત્રા સંગાથે મિજબાની કરીએ.

જીવનકેરી ગાડી મોંઘી એમાં થોડી મસ્તી ભરીએ.
જવાબદારીની ભારીને આજે થોડી હળવી કરીએ.

વાતોના વડા કરીએ ને ફીકરની ફાકી કરીએ.
મારા તારાની પંચાત છોડીને સબંધમાં લાગણી ભરીએ.

શમણાં થોડાં યાદ કરીએ ને શોખ થોડાં તાજાં કરીએ.
ઠેકડા મારતા બચપનને આજે થોડું મમળાવીએ.

ગપ્પા ગોઠડી , વાતો મીઠડી આજે થોડી થોડી કરીએ.
ગપસપ કેરી વાતોથી આજે અંતરમાં ઉમંગ ભરીએ.

રચયિતાઃચારુલતા દોશી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS N0 : 334

વિષયઃ-" ગપસપ"
શીર્ષકઃ- ગપસપ નવ કરીએ...
પ્રકારઃ- પદ્ય. શબ્દોઃ-૬૫

સખી કાનમાં તે ગપસપ નવ કરીએ,
સખી વાતનું તે વતેસર નવ કરીએ.
સખી....
જે કહેવું હોય તે મોઢામોઢ કહીએ,
ખરાપણું પિછાણીને વાત કરીએ.
સખી...
સખી ગપસપ કરતાં લોક શંકા કરશે,
શાને તે લોક નજર્યુંમાં આવીએ.
સખી...
સખી વાતોના કૈંક ગપગોળા ઊડશે,
એવી વાતોમાં કદી નવ ભરમાઈએ.
સખી...
સખી કોઈ કાન ફૂંકી ઘર ઉજાડશે,
એવા ટાણે કાનને સાબદા રાખીએ.
સખી...
સખી લોકોની વાત્યુંમાં નવ આવીએ
સખી જીવન તો સારું જીવી જઈએ.
સખી...

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No -106

વિષય-ગપસપ
શીર્ષક-"ગપસપ ને ગોટાળા"
પ્રકાર-ગદ્ય. શબ્દ-૨૬૭

"ગપસપ" શબ્દ મને જરાય ગમતો નથી.
આજકાલનું પત્રકારત્વ મારી નઝર સામે તરવા માંડે છે.
ટી.વી ખોલો અને સમાચાર જુવો એટલે એક નાની વાતને એટલા મોટાં રૂપથી અલગ રજુ કરે, કે સાચું શું? અને ખોટું શું? ખબર તો ન જ પડે પણ ડરી જવાય.

સદાબહાર અભિનેત્રી ડીંપલ કાપડીયા નો સુંદર અભિનય- "રુડાલી ફિલ્મ"માં છે. "રુડાલી" એટલે રડવાવાળી!
અમુક પ્રજામાં મૃત્યુ વખતે ખાસ-પૈસા આપીને રડવાવાળીને બોલાવે! એ એવી તો રડે કે, મૈયતમાં આવેલા ડાઘુઓપણ રડવા માંડે!
મૃત્યુ વખતે "રડવું ન આવતું હોય તો પણ ઘેંટા પાડી પાડીને,છાતી ઠોકી ઠોકીને,રડતાં બૈરાંઓને પણ આપણે જોયાં છે! એ રડતાં બૈરાંઓ શાંત થઈ દસ મિનિટમાં અલક-મલકની વાતો કરવા માંડે. એ વાતોનાં કોઈ ઠર/ઠેકાણાં ન હોય. દસ-બાર બૈરાંઓ એક જ જગ્યાએ બેસીને એવાં તી ગપ્પાં મારવા માંડે જેની કોઈ નિશ્ચિત કથા ન હોય! એક એક વાત પકડીને બેઠી હોય તો બીજી બીજી જ વાત કરતી હોય!
ઊઠમણાંમાં જઈએ તો પણ એનું એજ. કોનો દિકરો ને કોની દિકરી?
કોની વહું સાસુનું માનતી નથી!
લગ્ન /સગાઈમાં પણ ભેગા થયા હોય ત્યારે ટોળટપ્પા જ ચાલતા હોય!
જોકે ગપસપ કરવાનક મઝા તો આવે હો! જ્યારે મિત્ર વર્તુળ ભેગું થયું હોય,અને કહેવિતા મિત્રમાં એક જણ ન હોય! ત્યારે એ ઘેરહાજર મિત્રની એવી તો છોલવાની કે એનિ જેવો ખરાબ આ દુનિયામાં બીજો કોઈ નથી.
અમારે એક પંચાતિયાં બહેન હતાં એ ગામ આખાંની ચિતા કરે. એક દિ પૂછ્યુંઃ"તમારા ઘરે શું રાંધ્યું છે"?
તો મેં જવાબ આપ્યોઃ "મચ્છીનું શાક ને મટનના પરાઠા!"
જ્યારે વસ્તુને સીધો જવાબ ન આપવો હોય ત્યારે ગપસપ જ ચાલે.

મુક્તિદા કુમાર ... રુપલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO -162

વિષય- ગપસપ
શીષઁક- ભીંતને પણ કાન હોય
પ્રકાર- પધ , શબ્દ-૭૫

‘‘આવ વિભા આવ શું કરો છો વંદનાભાભી આવતાની સાથે જ તેની ગપસપ ચાલુ
‘‘અરે વિભા ધીરે બોલ કહેવાય છે ને કે ભીંતને પણ કાન હોય છે
‘‘આપડે કોઈ ની લપમાં પડવું સારું નથી વાતનું વતેસર થાય
‘‘મુકને કોઈ ની કથની સુકામ કરવી
લે આ વર્ષાઁ આવી
‘‘આટલો ગોકીરો છે નો છે વંદના
દરવાજો બંધ કરુ કે
‘‘અરે વનિતાને ત્યાં તેની બંને નણંદો આવી છે વેકેશન માં
‘‘તનેતો ખબર છે ને વનિતા અને વસુધા દેરાણી જેઠાણીનો અવાજમોટ
‘‘આખો પરિવાર ભેગો થાય એટલે
આવુજ ચાલતું હોય
‘‘ક્યારેક હસી મજાક તો ક્યારેક મીઠો ઝઘડો પણ હોય
‘‘અને મોટા પરિવાર મા ગપસપ તો હોય જ
એકબીજા ના વિચારો ની લે તી દેતી
માં જ મીઠપ રહે છેપ.

- રેખા રસીક નાકરાણી મુંબઈ

# કોણ કહે છે કે અઢીસો જોડી કપડાં છે?

અમે જેમતેમ કરી પીએમ હાઉસમાં ઘૂસ્યા. દેશમાં રૂપિયા બોલતા હે.પીએમ હાઉસની થ્રી લેયર સિકયેરિટી બ્રેક કરવી સાન, દામ, દંડ અને ભેદનો સહારો લેવો પડે .અમે એટલે હું ગિરધરલાલ ગરબડિયા અને રાજુ રદી. અમે દિવસે નહીં પણ રાતે ઘૂસ્યા . દિવસના સમયે કાળા કામ અને રાતના સમયે ધોળા કામ નિપટાવવાતા હોય છે!બખડજંતર ચેનલની માલિક બાબુલાલ મહાબબુચકે અમને ઈમ્પોસિબલ ટાસ્ક આપેલ. નોકરી એટલે નોકરી.બોસે આપેલ ટાસ્ક પૂરૂં ન કરો તો રસ્તે રઝળતા બેરોજગાર બની જાવ. આ ઉંમરે બહાર ચટણી ખાંડવા કે પિસવા પણ કોઇ રાખે નહીં.

અમે સીધા કપડાં રાખવાના રૂમનાં એન્ટ્રી કરી. આટલું મોટું સાહસ કર્યું પણ પેલા ગીતની જેમ ‘તુને મારી એન્ટ્રી ઔર દિલમે બજી ઘંટિયા ટ્રન ટ્રન ટ્રન ‘ જેવું કંઇ ફિલ ન થયું. રાજુ રદી તો સડક થઇ ગયો એ પણ એઈટલેન હાઈવે. એના મોની ડાકલી કોઇ હોકલીની જેમ લટકતી રહી ગઇ!મેં હળવેથી એનું ભોડું બંધ કર્યુ.

‘ આ તો વોર્ડ રોબ છે કે કોઇ કપડાંનો શો રૂમ છે?’ રાજુ રદી આવું સ્વગત બબડ્યો.( ગિરધરલાલ ગપ્પા ન મારો. લખવામાં લોચો લગાવી દીધો ને? રાજુ રદી સ્વગત બોલે અને તમને તે અદલોઅદલ સંભળાય? તમારા સિકસ્થ, સેવનથ ,એઇટથ, સેન્સ છે? કોઇ હોઠ પણ ન ફફડાવે અને તમને ડોલ્બી સાઉન્ડમાં સંભળાઈ જાય? )

‘ રાજુ તું કાંઇ ભસ્યો?’ મે રાજુને પૂછયું.

‘ ગિરધરલાલ હું શ્વાન નથી કે ભસું. હું માણસ છું હું લોગો કે દિલ જીતના વાસ્તે મીઠા મીઠા બોલતા હૂં’ રાજુ બન્બઇયા ફિલ્મ એટલી જુએ છે કે ફિલ્મોની ભાષા મગજનો કબ્જો સઇ લે છે.

‘ રાજુ, ટોર્ચ કયાં?’ મો રાજુને પૂછયું

‘ ટોર્ચનું શું કામ છે? ચાંદરડા પાડવા છે?’ રાજુએ નોનસેન્સ જેવો સવાલ કર્યો.

‘રાજુ તને અંધકારમાં ગણતરી કરતાં ફાવશે ?’ મેં સવાલ પૂછયો.

‘ ગિરધરલાલ. અંધારામાં મને અંધારા વળે છે. હું કશું જોઇ શકતો નથી તો ગણતરી કેવી રીતે કરી શકું?’ રાજુએ સવાલ પૂછયો.

‘રાજુ, અંધારામાં ગણતરી કરવાની છે. એટલે ટોર્ચનું માંગું છું.’ અમેરાજુને સમજાવ્યો.રાજુના દિમાગની બતી જલી.રાજુ ટોર્ચ લઇને આવ્યો.

રાજુએ એક કબાટ પર ટોર્ચથી લાઇટ ફેંકી. દૂધિયા રંગનો પ્રકાશ કબાટ પર રેલાયો. કબાટ પર સદરા લખેલ. દેશના લાખો સિનિયર સિટિઝન ખાદી કે કોટનના સદરા પહેરી મોતની રાહ જોતા હોય છે. સદરા ખરીદવામાં સસ્તા પડે એટલે સંતાનોના ખિસ્સા પર પણ ખાસ બોજ પડતો નથી. ઝભ્ભાની કોણી લગી બાય રાખો અને બાકીની ડચકાવી દો એટલે ઝભ્ભો સદરો થઇ જાય તેવી સાહેબની ફોર્મ્યુલા છે!
રાજુ સદરા ગણવા લાગ્યો. નવસો સુધી પહોંચતા હાંફી ગયો. હજુ પા ભાગના કબાટના સદરા ગણ્યા હતા.

‘ ગિરધરલાલ,કેશ એટલે કે રૂપિયા ગણવાના મશીન આવે છે. સદરા ગણવાના મશીન કેમ આવતા નથી. હું તો સદરા ગણતાં ગણતાં હાંફી ગયો. પેલી રાયમ્સ છે ને ?’ ગણ્યા ગણાય નહીં , વીણ્યા વીણ્યા નહીં તો પણ મારી છાબડીમાં સમાય. આ સદરાનું પણ સેઈમ ટુ સેઈમ છે.’ રાજુએ સદરા ગણતરી યોજનાની વાસ્તવિક મુશ્કેલી બયાન કરી. સાહેબના સદરા ગણવામાં લગભગ સાડા ત્રણ કલાક ગયા. સદરાની સંખ્યા પંદરસે નીકળી. આ સદરાથી લોકસભાની એક ટર્મ પૂરી થઇ જાય!

એક કબાટ પર લેંઘા-ઝભ્ભા લખેલ. મેં તેની ગણતરી શરૂ કરી. લેંઘા ઝભ્ભા અંદાજે આઠસો નીકળ્યા. આટલા કપડાં ? માણસ જન્મે ત્યારે વસ્ત્રવિહીન જન્મે છે. તમે ક્યાંય સાંભળ્યું કે નીરવભાઇ કે મેહુલભાઇ થ્રીપીલ સુટ સાથે જન્મ્યા? અગર તો ધીરૂભાઇ કુર્તા પાયજામા સાથે જન્મ્યા?મેન બોર્ન વિખ સિલ્વર સ્પુન એમ કહેવાય છે બટ મેન બોર્ન વિથ ચડી બનિયન એવું કહેવાતું નથી.વિજયભાઇ માલ્યા માટે બેશક બોર્ન વિધાઉચ ડ્રેસ કહી શકાય!

રાજુએ ધોતિયા, પાઘડાં ,ફાળિયા, બ્રિચિઝ,મુગુટ,ટોપી હેટ, સુઝ, ચાખડી, મોજડી બેલ્ટ , પગના મોજા, હાથના મોજા, ગમછા, બુટ ટ્રેકસુટ, આર્મી યુનિફોર્મ સુટપેન્ટ, ટીશર્ટ, ખેસ, શાલ, ચશ્મા,દુપટ્ટા ઢોલ, નગારા, પિપૂડી , તલવાર, ભાલા , બરછી, ગન તીરકામઠા ગણ્યા . સોરી મેન ! વી આર સોરી. ઓફિશિયસ સિક્રેસી એકટની જોગવાઇ અનુસાર આ વિગતો અત્યંત સંવેદનશીલ અને ગોપનીય હોવાથી એની માહિતી રાષ્ટ્રહિત માટે જાહેર કરી શકાય તેમ નથી! માટે રાઇટ ટુ ઈન્ફોર્નેશન એકટ હેઠળ ફી ભરવાનું પેટ્રોલ ન બાળવા કડકતમ અનુરોધ છે!એક આડવાત કહું? સાહેબના અંડરવેર નાંખી દેતાં પાંચેક હજાર છે.
વિપક્ષો સાહેબ પર જૂઠો અને તકલાદી આરોપ મુકે છે કે સાહેબ પાસે અઢીસો જોડ કપડાંની જોડી છે. અમે ઇડી, સીબીઆઇ ઇન્કમટેકસ , ભક્તોની હાજરીમાં કપડાલતાની( કપડાંની જોડે લતા શું કરતી હશે? કપડાં શબ્દ એકલો ન લખી શકાય?) જોડ છે. વિપક્ષોને શરમ આવવી જોઇએ. હવે મરવા માટે ચુલ્લુભર પાણી નહીં પણ નલ સે જલમાં ઋતુ અનુસાર હવા આવે છે. અમારી ગણતરીએ સાહેબનું ગૌરવ પુનઃ મહિમામંડિત કર્યું છે. ‘એક નૂર આદમી, હજાર નૂર કપડાં ,લાખ નૂર ટાપટીપ કરોડ નૂર નખરાં ‘એ કહેવત અમસ્તી થોડી પડી હશે? હવે ચૂંટણીમાં ઉમેદવારી કરતી સમયે રજૂ કરવાની એફિડેવિટમાં સ્થાવર , જંગમ મિલકત સાથે કપડાંલતા પણ જાહેર કરવાની જોગવાઇ ઉમેરવાની જરૂર છે. કેમ કે,કમસે કમ કપડાં હોવા છતા નેતા લોગ હમામ સિવાય પણ નંગે કયું હે તેનો જનતા જનાર્દન કે જેની લંગોટી ફાટવાથી નગ્ન છે તેમને ખ્યાલ આવે કે નેતા પણ હમનંગા હે!

બોલો, આ ચૂંટણી ક્યાંથી કયાં પહોંચી? વિકાસ, ન્યાયપત્ર, એજન્ડા વગેરે છોડીને પ્રચારની બુલેટ ટ્રેન માંસ, મચ્છી, મુસલમાન, મંગળસૂત્ર-સાઇકલ-ભેંસ ચોરી, ઘરના નળ ઉખેડી જશે, રામનું નામ લેનારને જેલમાં નાંખી દેશે,કપડાંની સંખ્યા સુધી પહોંચી ગઇ ? હવે કપડાં પહેર્યા છતાં કયા નેતા કેટલા અનાવૃત છે તેનું વિષવમન કરવાનું જ બાકી રહ્યું છે! આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટની માફક ભારત માતાની જય બોલાવો છો એના હદય પર શું વીતતું હશે એની કદી ચિંતા કરી ઈછે?
ભરત વૈષ્ણવ

# પોતાની ખામીઓ ને સુધારો-સંત રાજીન્દર સિંહજી મહારાજ

દરેક ક્ષણે બદલાતી આ જિંદગીમાં આપણે બહુ જ લોકોથી મળીએ છીએ અને બહુ જ મુશ્કેલીઓનો સામનો કરીએ છીએ. જો આપણે આપણા મનને ખુલ્લું છોડી અને દરેક બીજા માણસ ના વચનો અને કાર્યો પર ટીકા ટિપ્પણી કરવા દઈએ તો આપણે તે ટેપ રેકોર્ડર જેવા બનીશું કે જે દરેક ઘટનાને વારંવાર સંભળાવે છે. આપણો દરેક શ્વાસ કીમતી છે જો આપણે તેને ફક્ત બીજાની આલોચના કરવામાં વ્યતીત કરી દઈશું તો આ જિંદગી બરબાદ થઈ જશે. અને પછી કોણ જાણે કે આવતી જિંદગીમાં આપણે શું બનીશું? પ્રભુએ આપણને દરેક બીજા મનુષ્યની આલોચના કરવાની નોકરી નથી આપી. આપણે તો આપણી પોતાની આલોચના કરવી જોઈએ.

આપણે આપણા બધા ખરાબ વિચારો, વચન અને કાર્ય નો ત્યાગ કરીને પોતાની અંદર સદગુણો ધારણ કરીએ. આપણે આપણી બીજાની ભૂલો અને ખામીઓ તરફ સહાનુભૂતિથી દેખાવું જોઈએ જેવી રીતે કે જ્યારે એક શિશુ અથવા નાનું બાળક ભૂલ કરે છે તો આપણે તેની નિંદા કરતા નથી.

જો આપણે આપણી રોજબરોજની જિંદગીમાં બીજા પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ને અપનાવી શકીએ તો આપણે જોઇશું કે પ્રભુ આપણાથી ખુશ છે અને વધારે થી વધારે પોતાની દયા વરસાવે છે. પછી આપણે આપણી ચારો તરફ ના લોકો માટે શાંતિ અને પ્રેમનો સ્ત્રોત બની જઈશું. જેનાથી આપણી ઉન્નતી ઝડપી થશે અને આપણામાં બીજા બધા સદગુણો પણ આવતા જશે.જો આપણામાંથી દરેક મનુષ્ય આ મહાન લક્ષ્યને મેળવી શકે તો આપણે આ ધરતી સુવર્ણ યુગમાં પહોંચી જશે જેમાં કોઈ યુદ્ધ અને લડાઈ થશે નહીં. આપણે એવા સંસાર મેળવી શકીશું જેમાં દરેક મુશ્કેલી અને ઝઘડા નું સમાધાન શાંતિપૂર્ણ થશે.



# દહેગામ તાલુકામાં સરકારી કોલેજ શરૂ કરવા વાલીઓ અને વિદ્યાર્થીઓની માગ

દહેગામ તાલુકામાં દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટી સંચાલિત એકમાત્ર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આવેલી છે. એકમાત્ર કોલેજ હોવાને કારણે તાલુકાના સમગ્ર વિદ્યાર્થીઓનો સમાવેશ શક્ય ન હોવાથી વિદ્યાર્થીઓને અમદાવાદ ગાંધીનગર કે અન્ય સ્થળે કોલેજનો અભ્યાસ કરવા માટે જવું પડે છે. દહેગામ તાલુકા વિદ્યાર્થી હિત રક્ષક સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં સરકારી કોલેજ શરૂ કરવા ગાંધીનગરના જિલ્લા કલેકટર મેહુલ દવેને રૂબરૂ મળી લેખિત રજૂઆત કરાઈ હતી. દહેગામ તાલુકા વિદ્યાર્થી હિત રક્ષક સમિતિ દ્વારા જિલ્લા કલેકટરને કરવામાં આવેલી



લેખિત રજૂઆતમા જણાવાયુ હતું કે દહેગામ તાલુકામાં ઘણા કેટલાય સમયથી એક માંગ ઉઠી રહી છે કે દહેગામ તાલુકામાં સરકારી કૉલેજ હોવી જોઈએ. હાલ દહેગામમાં એક અર્ધ-સરકારી (ગ્રાન્ટેડ) કૉલેજ છે. જેમાં તાલુકાના બધા વિદ્યાર્થીઓને પ્રવેશ મળે એવું શક્ય બનતું નથી. અને દિવસે-દિવસે વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. ત્યારે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા ના થાય એ માટે સતત વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા નવી સરકારી કોલેજ શરૂ કરવાની માંગ ઉઠી છે. ત્યારે સરકારી કૉલેજ ન હોવાના કારણે દર વર્ષે અંદાજિત ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ વિના વંચિત રહી જાય છે. અને ઘણા બધા વિદ્યાર્થીઓને દહેગામ બહાર એટલે ગાંધીનગર, અમદાવાદ અને તલોદ જવું પડે છે. અને તાલુકાની ઘણી બધી વિદ્યાર્થીનીઓ ૧૨ પાસ પછી અભ્યાસ કરી શકતી નથી.ત્યારે તાલુકામાં બી.એ,બી.કોમ અને બીએસસી સ્નાતક કૉલેજ દહેગામ તાલુકામાં શરૂઆત કરવાની માંગ કરાઈ હતી. આવેદનપત્રામાં વધુમાં જણાવ્યું હતું કે જો વિદ્યાર્થીઓની માંગ સ્વીકારવામાં નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ વિદ્યાર્થી હિત રક્ષક સમિતિ દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

# જૈન આચાર્ય લોકેશજીએ ઈથોપિયા દૂતાવાસમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસને સંબોધિત કર્યો

અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક, પ્રખ્યાત જૈન આચાર્ય લોકેશજીએ ઈથોપિયા દૂતાવાસમાં આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસને સંબોધિત કર્યો હતો. ઈથોપિયાના દૂતાવાસ અને ડૉ. સંજના જોન ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ગ્રીન યોગ ઉજવણીમાં ઈથોપિયાના રાજદૂત ફેસેહા શવેલ ગેબ્રે સહિત ઘણા પ્રતિષ્ઠિત મહેમાનોએ હાજરી આપી હતી.




વિશ્વ શાંતિ રાજદૂત આચાર્ય લોકેશજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે મેં ૨૦૧૫ માં ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયથી ભારતના વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ, આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકરજી અને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી બાન કી-મૂનની ગૌરવપૂર્ણ હાજરીમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીને સંબોધિત કરી હતી.

જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે યોગ એ વિશ્વના લોકોને પ્રાચીન ભારતીય સંસ્કૃતિની એક અદભૂત ભેટ છે જે માનસિક, ભાવનાત્મક અને શારીરિક સ્વાસ્થ્યને સંતુલિત રાખે છે. યોગ દ્વારા ઉત્પન્ન થતી શાંતિ, સદભાવના, સમૃદ્ધિ વિશ્વ શાંતિના મુકામ સુધી પહોંચવામાં મદદ કરે છે. તે નકારાત્મક વિચારસરણીને દૂર કરે છે અને સકારાત્મક વિચારસરણીનું નિર્માણ કરે છે. યોગ જૈન ધર્મનો એક મહત્વપૂર્ણ ભાગ છે, બધા જૈન તીર્થંકરોની મૂર્તિઓ યોગ મુદ્રામાં જોવા મળે છે.ઈથોપિયાના રાજદૂત શ્રી ફેસેહા શાવેલ ગેબ્રેએ જણાવ્યું હતું કે ભારત અને ઈથોપિયા વચ્ચેનો સાંસ્કૃતિક વારસો અને પરસ્પર સંવાદ વિશ્વ શાંતિનો આધાર બની શકે છે. તેમણે કહ્યું કે ઈથોપિયામાં ભલે કોઈ હિન્દુ નથી, પરંતુ ખ્રિસ્તી અને મુસ્લિમો સમાન સંખ્યામાં છે, પરંતુ તેઓ યોગ કરે છે, ધ્યાન અને પ્રાર્થના પણ કરે છે અને ધાર્મિક વિધિઓ પણ કરે છે.ડૉ. સંજના જોને કહ્યું કે યોગ સાર્વત્રિક બની ગયો છે, દરેક દેશ, ધર્મ, જાતિ, સંપ્રદાયના લોકોએ તેમની જીવનશૈલીમાં યોગ અને ધ્યાનનો સમાવેશ કર્યો છે. યોગ મનુષ્યોની સાથે પર્યાવરણ, પ્રાણીઓ, પક્ષીઓ અને છોડની પણ કાળજી રાખે છે. ગ્રીન યોગા યોગને વૃક્ષારોપણ અને સફાઈ ઝુંબેશ સાથે જોડે છે. આ પ્રસંગે, અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સંબોધન પછી, વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

# સાબરકાંઠામાં દેશભક્તિનો માહોલ:વડાલીમાં તિરંગા યાત્રા અને તલોદમાં મહિલાઓની સિંદૂર યાત્રા યોજાઈ







સાબરકાંઠા જિલ્લામાં દેશભક્તિનો માહોલ જામ્યો છે. વડાલી અને તલોદમાં અનોખી યાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.વડાલીમાં સ્વામી વિવેકાનંદ ચોકથી તિરંગા યાત્રાનો પ્રારંભ થયો. દેશભક્તિના ગીતો સાથે નીકળેલી આ યાત્રા વડાલી નગરના માર્ગો પરથી પસાર થઈને છઁસ્ઝ માર્કેટયાર્ડ ખાતે સમાપ્ત થઈ હતી. યાત્રામાં ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરા, સ્થાનિક સંગઠનના હોદ્દેદારો, મહિલાઓ અને હોમગાર્ડના જવાનો જોડાયા હતા.તલોદમાં માર્કેટ યાર્ડથી અંબાજી ચોક સુધી સેનાના સન્માનમાં મહિલા મોરચા દ્વારા સિંદૂર યાત્રા યોજાઈ હતી. મહિલાઓએ લાલ સાડી પહેરી, માથામાં સિંદૂર લગાવ્યું હતું. તેઓ એક હાથમાં રાષ્ટ્રધ્વજ અને બીજા હાથમાં સિંદૂર તથા દીવાની થાળી સાથે યાત્રામાં જોડાયા હતા.આ યાત્રામાં સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ શોભનાબેન બારૈયા, જિલ્લા મહામંત્રી લીલાબેન વ્યાસ, તલોદ શહેર મહિલા મોરચા પ્રમુખ રચનાબેન ગાંધી સહિત અનેક મહિલા નેતૃત્વ જોડાયું હતું. તલોદ નગરપાલિકાના પદાધિકારીઓ અને વિવિધ સંગઠનોના કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ફોટા વાયરલ કરવાની ધમકી આપ્યા બાદ ઘરમાં ગોંધી રાખી અમદાવાદમાં સગીરા પર આચર્યું દુષ્કર્મ

અમદાવાદ શહેરના અનિલ સ્ટાર્ચ મીલ રોડ હીરાવાડીમાં રહેતા એક યુવકે તેની જ ચાલીમાં રહેતી એક ૧૪ વર્ષની સગીરા સાથે સોશિયલ મિડીયા દ્વારા મિત્રતા કેળવીને તેને પ્રેમજાળમાં ફસાવીને તેને ધમકી આપી હતી કે જો રાતના સમયે મળવા નહી આવે તો તે સોશિયલ મિડીયામાં ફોટો વાયરલ કરી દેશે. બાદમાં સગીરા ગભરાઈને યુવકને મળવા માટે ગઇ હતી. જ્યાં યુવકે તેને બપોરના ૧૨ વાગ્યા સુધી ગોંધી રાખીને તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. આ અંગે શહેરકોટડા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.આ સમગ્ર ઘટનાની વિગતો એવી છે કે શહેરના હીરાવાડી અનિલ સ્ટાર્ચ મીલ રોડ પર આવેલી એક ચાલીમાં રહેતા પરિવારના સભ્યો ગત રાત્રીએ અગાશી પર સુતા હતા ત્યારે રાતના ત્રણ વાગે માતા જાગી ત્યારે જોયુ તો તેમની ૧૪ વર્ષની પુત્રી ત્યાં હાજર નહોતી. જેથી મહિલાએ તેના પતિ અને અન્ય પરિવારજનોને જગાડયા હતા. તેમણે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ, સવારે ૧૧ વાગ્યા સુધી કોઇ ભાળ મળી નહોતી. બીજી તરફ મહિલાએ તેમના દિયરની પુત્રીને પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તેમની જ ચાલીમાં રહેતો જય ઠાકોર નામનો ૨૨ વર્ષનો યુવક સગીરાના સંપર્કમાં હતો. જેથી પરિવારના સભ્યોએ જયના ઘરમાં જઇને તપાસ કરી ત્યારે સગીરા ગભરાઇ ગયેલી હાલતમાં મળી આવી હતી. પરિવારજનોએ તેને વિશ્વાસમાં લઇને પુછપરછ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે જય ઠાકોરે એક વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામ પરથી ફ્રેન્ડશીપ રીકવેસ્ટ મોકલીને તેની સાથે પ્રેમની વાત કરીને ભોળવીને વિશ્વાસમાં લીધી હતી. તે ટયુશન ક્લાસ સુધી પીછો કરતો હતો. આ દરમિયાન તેણે બંનેના ફોટો પાડયા હતા. તેણે સગીરાને ધમકી આપી હતી કે રાતના બધા જ સુઇ જાય પછી ઘરે આવજે અને જો નહી આવે તો ફોટો વાયરલ કરીને બદનામ કરશે. જેથી સગીરા ડરીને જયના ઘરે પહોંચી ત્યારે તેણે તેની સાથે ચાર વાર દુષ્કર્મ કર્યુ હતું અને ધમકી આપી હતી.

## આહીર સમાજના ૧૦૫૪ યુગલો પ્રભુતામાં પગલા માંડશે

બલરામ સાધુ - ૨૫ તારીખે ૧૦૫૪ યુગલો પ્રભુતામાં પગલા માનશે વર્ષોથી ચાલી આવતી પ્રણાલી મુજબ ભગવાન શ્રી કૃષ્ણ ના આશીર્વાદ થી અને ભગવાન શ્રી કૃષ્ણ એ જોયેલ મુહૂર્ત એટલે વૈશાખ મહિના ની અંધારી તેરસ ના આહીર સમાજ માં એક સાથે અને એકજ સમયે ૧૦૫૪ જેટલા લગ્નો આ કદાચ સામાજિક દૃષ્ટિએ એક ઐતિહાસિક લગ્નો હશે..આ વર્ષે સમાજ ના આગેવાનો એ ખુબજ ખર્ચાળ અને નાના અને મધ્યમ વર્ગ ને તેમજ સમાજ ના દરેક વર્ગ માટે નુકશાન કરતા દાગીના ઉપર સંપૂર્ણ પ્રતિબંધ પ્રિ વેન્ડિંગ.લગ્ન માં જમણવાર માં મર્યાદિત વાનગીઓ અને અન્ય સામાજિક ક્રાંતિ સર્જે અને આહીર સમાજ ના ભવિષ્ય ને ઉજળું કરવા માટે જે ઐતિહાસિક નિર્ણયો લીધા છે એ આપણા સમાજ માટે તો ખુબજ મોટો નિર્ણય છે અને આવનારા સમય અને આવનારી પેઢીઓ માટે એક ક્રાંતિકારી નિર્ણય તો ચોક્કસ છે જેના મીઠા ફળ આપણને આવનારા વર્ષો માં જોવા મળશે..-અખંડ ભારત

## સુરતમાં ફરી એકવાર યુવતી તરૂણને પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગઈ, પોલીસે જલગાંવથી પકડી પાડ્યા

સુરતના પુણા વિસ્તારમાં ૨૩ વર્ષીય શિક્ષિકા ૧૩ વર્ષના વિદ્યાર્થીને ભગાડીને લઈ ગયા બાદ ગર્ભવતી બન્યાનો બનાવ હજુ સુધી ભૂલાયો નથી. ત્યાં તો આવી જ ઉલ્ટી ગંગાનો વધુ એક કિસ્સો સુરતના લીંબાયત વિસ્તારમાં પ્રકાશમાં આવ્યો છે. રત્નકલાકાર તરીકે નોકરી કરતા પોણા અઢાર વર્ષના તરુણને અગાઉ તેની જ સોસાયટીમાં રહેતી ૧૯ વર્ષની યુવતીએ પ્રેમજાળમાં ફસાવી અવાર-નવાર શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યાબાદ બે મહિના અગાઉ તેને લગ્નની લાલચ આપીને 'હું કંઈ કરી લઈશ' તેવી ધમકી આપી ભગાડી ગઈ હતી.આ ઘટના અંગે સગીરના માતા-પિતાએ પોલીસ




ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે લીબાયત પોલીસે તરુણના મિસીંગની તપાસ દરમિયાન મળેલી હકીકતના આધારે આ બનાવમાં યુવતી વિરુદ્ધ અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સગીર ઘરેથી ૨૫ હજાર રૂપિયા રોકડા લઈને ભાગ્યો હતો, યુવતી સગીરને ઉજ્જૈન લઇ હોવાનું સામે આવ્યું છે. પોલીસે ૫૦ દિવસ બાદ બંનેને જલગાંવથી પકડી પાડ્યા છે. હાલમાં યુવતીની ધરપકડ કરવામાં આવી છે અને પોલીસ પૂછપરછ ચાલી રહી છે. તપાસ બાદ વધુ વિગતો સામે આવશે.

# દાહોદ કોંગ્રેસના પ્રમુખ અને સ્થાનીક અગ્રણીઓએ પ્રધાનમંત્રીને મળવા માટે સમય મળે તેની રજૂઆત કરી છે.

દાહોદ ખાતે પ્રવાસ દરમિયાન કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિ મંડળને સમય ફાળવવા માટે માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, તારીખ ૨૬ અને ૨૭ મે, ૨૦૨૫ના રોજ ગુજરાતના પ્રવાસે પ્રધાનમંત્રીશ્રી આવી રહ્યા છે. આ દરમિયાન દાહોદ ખાતે વિવિધ કાર્યક્રમોમાં સામેલ થવાના છે. દાહોદમાં જે રીતે વિકાસના કામોમાં અને ખાસ કરીને મનરેગામાં માત્ર બે તાલુકામાં ૭૧ કરોડના ભ્રષ્ટાચારની વિગતો સામે આવી છે. અને હજુ તટસ્થ તપાસ થાય તો સમગ્ર જીલ્લામાંથી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર સામે આવશે ત્યારે દાહોદ જીલ્લા કોંગ્રેસ પક્ષનું પ્રતિનિધિ મંડળ જેમાં સંગઠન પ્રમુખ, કોંગ્રેસ પક્ષના પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્યો, સામાજિક સંસ્થાના પ્રતિનિધિઓ આપશ્રીની રૂબરૂ મુલાકાત લઈને સંપૂર્ણ વિગતોની રજૂઆત કરવા માટે સમય ફાળવશો તેવી માન. પ્રધાનમંત્રી શ્રીને ઈમેઈલ થી વિનંતી કરી છે

સરકારના મંત્રીબચુ ખાબડને મંત્રી તરીકે જારી રાખવામાં આવશે તો તટસ્થ તપાસ કેમ થશે? જેમને હ્રરૂજીઁ સલામ કરતા હોય તેમના દીકરા સામે તપાસ કેવીરીતે થશે? મંત્રીશ્રી બચુ ખાબડનું રાજીનામું નહીં પરંતુ તેમને બરખાસ્ત કરવામાં આવે. મંત્રીશ્રી બચુ ખાબડને ભાજપના સભ્ય પદ પરથી પણ દૂર કરવામાં આવે એવી કોંગ્રેસ પક્ષની માંગ છે. હાઈકોર્ટના સિટિંગ જજના વડપણ હેઠળ ઝ્રમ્ૈં તપાસની માંગ છે. પ્રધાનમંત્રી ગુજરાતનાં છે, તેમની સરકાર રાજ્યમાં છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.